પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૩૦ | ૩૦ ઓક્ટોબર, ૨૦૨૧, શનિવાર; આસો વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દિલ્હી આસપાસથી બેરીકેટ્સ હટાવાયા

**ટીકરી બોર્ડર ખાલી થવા લાગી : મોડી સાંજે ખેડૂતોની સહમતિ બાદ ટિકરી બોર્ડર પર રોહતક જતા એક હિસ્સાને ખાલી કરાવી દેવામાં આવ્યો હતો**

નવી દિલ્હી, તા.૨૯

ગત ૨૧ ઓક્ટોબરના રોજ સુપ્રીમ કોર્ટમાં ખેડૂત આંદોલનને પગલે બંધ રસ્તાઓ ખોલાવવાને લઈ દાખલ કરાયેલી અરજી પર સુનાવણી થઈ હતી. તેમાં સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કહી દીધું હતું કે, વિરોધ પ્રદર્શન ખેડૂતોનો અધિકાર છે પરંતુ રસ્તાઓને અવરૂદ્ધ ન કરી શકાય અને આ મામલે કોઈ જ સંદેહ ન હોવો જોઈએ. આ મામલે ખેડૂત સંગઠનોના વકીલે કહ્યું હતું કે, રસ્તો પોલીસે બંધ કર્યો છે અમે નહીં.ટિકરી બોર્ડર પર ગુરૂવારે આખો દિવસ હલચલ જોવા મળી હતી. જાણવા મળ્યા મુજબ મોડી





સાંજે ખેડૂતોની સહમતિ બાદ ટિકરી બોર્ડર પર રોહતક જતા એક હિસ્સાને ખાલી કરાવી દેવામાં આવ્યો હતો. આના પહેલા દિલ્હી પોલીસે ૧૦ મહિના પહેલા જે મોટા મોટા ટ્રાલા અને મજબૂત ડિવાઈડર બનાવેલા જેથી ખેડૂતો દિલ્હી તરફ ન આવી શકે તેમાંથી કેટલાકને ધીમે-ધીમે કરીને હટાવવામાં આવ્યા હતા. સવારથી લઈને સાંજ સુધીમાં રસ્તા પર રાખવામાં આવેલા આ ડિવાઈડરના કેટલાક હિસ્સા હટાવી લેવામાં આવ્યા છે. આ કારણે એવી આશા જણાઈ રહી

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં કોરોનાથી છેલ્લા ૨૪ કલાકમાં ૮૦૫ના મોત : ૧૪૩૪૮ સંક્રમિત

નવી દિલ્હી , તા.૨૯

દેશમાં જીવલેણ કોરોના વાયરસ (કોવિડ ૧૯)નો પ્રકોપ હજુ પણ ચાલુ છે. દેશમાં હજુ પણ મોટી સંખ્યામાં મોત થઈ રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૪ હજાર ૩૪૮ નવા કેસ નોંધાયા છે. તે જ સમયે, ગઈકાલે ૮૦૫ લોકોના મોત થયા હતા, જે પછી મૃત્યુઆંક ૪ લાખ ૫૭ હજાર ૧૯૧ થઈ ગયો છે. જાણો દેશમાં કોરોના વાયરસની તાજેતરની સ્થિતિ શું છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના જણાવ્યા અનુસાર દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૩ હજાર ૧૯૮ લોકો સાજા થયા છે. હાલમાં દેશમાં સક્રિય કેસની કુલ સંખ્યા એક લાખ ૬૧ હજાર ૩૩૪ છે. દેશમાં અત્યાર સુધીમાં કોરોનાના ૩ કરોડ ૪૨ લાખ ૪૬ હજાર ૧૫૭ કેસ નોંધાયા છે, જેમાંથી અત્યાર સુધીમાં ૩ કરોડ ૩૬ લાખ ૨૭ હજાર ૬૩૨ લોકો સાજા થઈ ગયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, ગઈકાલે દેશમાં કોરોનાના ૭૪ લાખ ૩૩ હજાર ૩૯૨ ડોઝ આપવામાં આવ્યા હતા. જે બાદ દેશમાં અત્યાર સુધીમાં ૧૦૪ કરોડ ૮૨ લાખ ૯૬૬ લોકોને રસી આપવામાં આવી છે. ગઈકાલે ભારતમાં કોરોના વાયરસ માટે ૧૨ લાખ ૮૪ હજાર ૫૫૨ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

## Facebook હવે Metaથી ઓળખાશે

નવી દિલ્હી,તા.૨૯

દુનિયાભરમાં ફેલાયેલા અને સૌથી વિશાળ સોશિયલ મીડિયા નેટવર્કમાં ટોચ પર રહેલા ફેસબૂકનું નામ બદલવામાં આવશે. ફેસબૂકના સીઈઓ માર્ક ઝુકરબર્ગે કહ્યું છે કે ભવિષ્યમાં ડિજિટલ રૂપમાં થઈ રહેલા ફેરફારોને જોડવાના પ્રયાસ હેઠળ કંપનીને હવે નયા નામ સીટ્રથી ઓળખવામાં આવશે. ઝુકરબર્ગે તેને મેટાવર્સ કહે છે. જોકે, આ નામ બદલવાના વિચાર પર નિંદા કરતા લોકોએ કહ્યું છે કે, ફેસબૂક પેપર્સમાંથી દસ્તાવેદ લીક થવાથી ઉભા થયેલા વિવાદથી લોકોનું ધ્યાન ભટકાવવા માટે આમ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. તે નામ બદલવાની મથામણ કરીને વિવાદને ઢાંકવાનો પ્રયાસ કરી રહ્યું છે. ફેસબૂકના સીઈઓ ઝુકરબર્ગે કહ્યું કે, હાલના સમયમાં અમારી બ્રાન્ડ ચોક્કસ રીતે એક પ્રોડક્ટ સાથે જોડાયેલી છે, પરંતુ તેના લીધે આજના સમયની બાબતોને તેમાં સાંકળવી મુશ્કેલ છે. એટલે કે નામ બદલાવાની સાથે તેમાં કેટલાક નવી બાબતોનો પણ સમાવેશ કરવામાં આવશે. ઝુકરબર્ગે કહ્યું કે અમને આશા છે કે આગામી દાયકાની અંદર 'મેટાવર્સ' એક અબજ લોકો સુધી પહોંચી જશે.

**Facebook દ્વારા બદલવામાં આવ્યું કંપનીનું નામ : ફેસબૂકના સીઈઓ ઝુકરબર્ગે કહ્યું કે, હાલના સમયમાં અમારી બ્રાન્ડ ચોક્કસ રીતે એક પ્રોડક્ટ સાથે જોડાયેલી છે**

facebook

Changed their name to

Meta

## જામીનનો રિલિઝ ઓર્ડર જેલમાં ન પહોંચતા આર્યનની જેલમુક્તિ લંબાઈ

**ઓર્ડરની નકલ તૈયાર ના હોવાથી તેમજ કામકાજનો સમય પૂરો થઈ ગયો હોવાથી આર્યનની આજે મુક્તિ થશે**

મુંબઈ, તા.૨૯

૨ ઓક્ટોબરથી ડ્રગ્સ કેસમાં ઝડપાયા બાદ આર્યન ખાનને આખરે ૨૫ દિવસ બાદ ગત રોજ જામીન મળ્યા હતા. જામીન મળતાંની સાથે જ શાહરૂખ ખાન સાથે તમામ લોકો ખુશખુશાલ થઈ ગયા હતા. જો કે, ગત રોજ આર્યન ખાન જેલમુક્ત થઈ શક્યો ન હતો. અને આજની રાત પણ આર્યન ખાનને જેલમાં જ પસાર કરવી પડશે. જામીનનો રિલીઝ ઓર્ડર આર્થર રોડ જેલ ન પહોંચવાને કારણે આજે આર્યન ખાનની મુક્તિ થઈ શકશે નહીં તેવું જણાવવામાં આવી રહ્યું છે. અને હવે આવતીકાલ સવારે જ આર્યન ખાન જેલમાંથી બહાર નીકળી શકશે.

● અનુસંધાન પાન-૭ પર

### જુહી ચાવલાએ આર્યનના જામીનના કાગળ પર સહી કરી

મુંબઈ, તા.૨૯

આર્યન ખાનના જામીન માટેની તમામ દસ્તાવેજી કાર્યવાહી પૂરી થઈ ગઈ હોવાનું તેના વકીલ સતીષ માનશિંદેએ જણાવ્યું છે. ગઈકાલે બોમ્બે હાઈકોર્ટે આર્યનને જામીન આપ્યા હતા. જેનો ઓર્ડર આજે તૈયાર થયો હતો. કોર્ટની સૂચના અને શરતો અનુસાર આર્યનની જામીનના દસ્તાવેજ તૈયાર થાય હતા. પ્રાપ્ત વિગતો અનુસાર જુહી ચાવલાએ આર્યનના જામીનના કાગળો પર સહી કરી છે.

### આર્યને દર શુક્રવારે NCBની ઓફિસ પર હાજર થવું પડશે

**દેશમાંથી બહાર જઈ શકશે નહી, જો તે દેશમાંથી બહાર જવા ઈચ્છે તો આ માટે કોર્ટની પરવાનગી લેવી પડશે**

મુંબઈ, તા.૨૯

મુંબઈ ક્રૂઝ જહાજ ડ્રગ્સ કેસમાં સુપરસ્ટાર શાહરુખ ખાનના દીકરા આર્યન ખાનને જામીન મળ્યા બાદ શુક્રવારે જામીન ઓર્ડર પણ જારી કરી દીધા છે. તે આજે જેલમાંથી બહાર પણ આવી શકે છે. આર્યન ખાન સહિત ત્રણ આરોપીઓના બોમ્બે હાઈકોર્ટમાંથી જામીન મળ્યા હતા. આર્યન ખાને કેટલીક શરત પણ માનવી પડશે. એક એ છે કે તે દેશમાંથી બહાર જઈ શકશે નહીં. જો તે દેશમાંથી બહાર જવા ઈચ્છે તો આ માટે કોર્ટની પરવાનગી લેવી પડશે. બોમ્બે હાઈકોર્ટે આર્યન ખાન માટે બપોરે પાંચ પાનાના જામીન ઓર્ડર જારી કર્યા. જોકે તેણે એક લાખની જામીન રકમ ભરવી પડશે. કોર્ટની શરત અનુસાર આર્યનને દરેક શુક્રવારે એનસીબી ઓફિસ જવુ પડશે. તેઓ કોર્ટની કાર્યવાહીને લઈને કોઈ નિવેદનબાજી પણ કરી શકશે નહીં.

## રશિયાની રાજધાની મોસ્કોમાં અગિયાર દિવસનું લોકડાઉન

**રશિયામાં ૨૪ કલાકમાં કોરોના વાયરસથી ૧૧૫૯નાં મોત થયા : રશિયાએ ભલે સૌથી પહેલા સ્પૂતનિક-વી અને અન્ય રસી બનાવી પરંતુ અહીં રસીકરણનો દર ઘણો ઓછો છે : રશિયામાં સૌથી વધારે નવા કેસો**

મોસ્કો, તા.૨૯

રશિયામાં કોરોના વાયરસ સંક્રમણના કેસ ઝડપથી વધી રહ્યા છે. સાથે જ દરરોજ રેકોર્ડ સ્તરે મોત થઈ રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં



૧૧૫૯ લોકોના મોત નીપજ્યા છે.

કોરોના વાયરસ વિરૂદ્ધ દુનિયાને પહેલી વેક્સિન આપનારા રશિયામાં ફરીથી કોરોનાના કેસ વધતા જઈ રહ્યા છે. દરેક દિવસે રેકોર્ડ સંખ્યામાં નવા કેસ આવી રહ્યા છે. રશિયામાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૦ હજાર ૦૯૬ લોકોના કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યા. આ દરમિયાન ૧,૧૫૯ લોકોએ જીવ ગુમાવ્યા. એવામાં રશિયાની રાજધાની મૉસ્કોમાં ૧૧ દિવસ સુધી લોકડાઉન લગાવી દીધુ છે.

યુરોપમાં અત્યારે સૌથી વધારે નવા કેસ રશિયામાંથી આવી રહ્યા છે. રશિયાએ ભલે સૌથી પહેલા સ્પૂતનિક-વી અને અન્ય રસી બનાવી પરંતુ અહીં રસીકરણનો દર ઘણા ઓછો છે. છેલ્લા કેટલાક અઠવાડિયામાં જે તેજીથી અહીં સંક્રમણ ફેલાઈ રહ્યુ છે તે મહામારીની શરૂઆત બાદથી સર્વાધિક છે.

સરકારે બીજા દેશોની જેમ કડક લોકડાઉનનુ એલાન તો કર્યુ નથી, પરંતુ મૉસ્કોમાં ગુરૂવારથી ૭ નવેમ્બર સુધી તમામ બિન-જરૂરી સેવાઓ પર રોક લગાવી દીધી છે.

### કન્નડના અભિનેતા પુનિત રાજકુમારનું અવસાન


બેંગલુરૂ, તા.૨૯

કન્નડ ફિલ્મોના પોપ્યુલર એક્ટર પુનીત રાજકુમારનું નિધન થયું છે. હાર્ટ અટેક આવતા ૪૬ વર્ષની નાની ઉંમરમાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. એક્ટરને આજે (૨૯ ઓક્ટોબર) હાર્ટ અટેક આવ્યો હતો અને બાદમાં તેમને બેંગલુરુની વિક્રમ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમને આઈસીયુમાં રખાયા હતા.

પુનીત રાજકુમારના નિધનથી તેમના ફેન્સ તેમજ ઈન્ડસ્ટ્રીના સેલેબ્સ પણ આઘાતમાં છે. બોલિવુડ એક્ટર સોનુ સૂદે સોશિયલ મીડિયા પર તેમના નિધનને લઈને શોક વ્યક્ત કર્યો છે અને પરિવારને સાંત્વના આપી છે. તેણે લખ્યું છે દિલ તૂટી ગયું. હંમેશા તમને યાદ કરીશું મારા ભાઈ.'

વિવેક ઓબેરોયે પણ ટ્વીટ કરીને લખ્યું છે આ દુખદ સમાચાર સાંભળીને આઘાતમાં છું.

## પાવન સ્મરણ



**વાસુદેવ વિષ્ણુપ્રસાદ જહા**

મહાપ્રયાણ - આસો વદ-૯ વિ. સં. - ૨૦૫૮

૩૦ ઓક્ટોબર, ૨૦૨૦

जातस्य हि ध्रुवो मृत्यु - ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥

॥ श्रीमद भगवद गीता २:२७ ॥

જન્મેલાનું મૃત્યુ નક્કી છે અને મરેલાનો જન્મ નક્કી છે.
તેથી ટાળી ન શકાય એવી આ બાબતમાં શોક કરવાનું તારા માટે યોગ્ય નથી.

॥ શ્રીમદ ભગવદ ગીતા ૨:૨૭ ॥

આજે ઓગણીસમી પુણ્યતિથિએ
આપના દિવ્ય આત્માને
શત્ શત્ વંદન...

કૃષ્ણકાન્ત - સ્મિતા ● ભાગ્યેશ - ઝરણા ● પ્રકાશ - વંદના
જાગૃતિ - બિપીનચંદ્ર ● ચારૂ - દર્શનકુમાર
પ્રાર્થના - અનિષ ● લજ્જા - વત્સલ
ચિન્મય - વૈભવી ● વિધિ - યશ
શુભાંગ ● કૃપાંશી ● યશસ્વી